ટૅક્સ રામાયણ
પરેશ કપાસી



# દિવાળીની ગિફ્ટને આવકવેરા સાથે કોઈ સંબંધ છે ખરો?

ગણેશોત્સવથી ભારતમાં તહેવારોની મોસમ શરૂ થઈ જાય છે. દિવાળી હવે નજીક છે ત્યારે આપણને આ તહેવાર નિમિત્તે મળતી-અપાતી ભેટનો વિચાર આવે એ સ્વાભાવિક છે. આપણા દેશમાં ભેટ-સોગાદો આપવાની ઉચ્ચ પરંપરા રહી છે. જોકે આ કટારનો સંબંધ છે ત્યાં સુધી આપણે ભેટ એટલે કે ગિફ્ટ વિશે કરવેરાની દૃષ્ટિએ વિચાર કરવો રહ્યો.

સામાન્ય સંજોગોમાં ભેટને શુભેચ્છાનું પ્રતીક ગણવામાં આવે છે, પરંતુ એ દર વખતે કરમુક્ત હોતી નથી. એક સમયે દેશમાં ગિફ્ટ ટૅક્સ ઍક્ટ હતો, જેને ૧૯૯૮માં નાબૂદ કરવામાં આવ્યો. જોકે દિવાળી દરમ્યાન મળતી બધી જ ભેટ (ગિફ્ટ) કરમુક્ત ગણી શકાય નહીં. તો ચાલો, આજે કરવેરાની દૃષ્ટિએ ગિફ્ટની વાત કરીએ...

રોકડ કે ચેક, સ્થાવર મિલકત (જમીન કે મકાન) અને જંગમ મિલકત (સોનું, ઘરેણાં, શૅર) એ ગિફ્ટનાં અલગ-અલગ સ્વરૂપ હોઈ શકે છે. ૧૯૯૮માં ગિફ્ટ ટૅક્સ ઍક્ટ નાબૂદ કરીને તમામ ગિફ્ટ કરમુક્ત કરવામાં આવી હતી, પરંતુ ૨૦૦૪માં આવકવેરા કાયદા હેઠળ ગિફ્ટ ટૅક્સ શરૂ કરવામાં આવ્યો. આથી જ આપણે આજે એના વિશે વાત કરી રહ્યા છીએ.

વ્યક્તિગત કરદાતા કે હિન્દુ અનડિવાઈડેડ ફૅમિલી (એચયુએફ)ને મળેલી નાણાકીય ભેટ સંબંધે લાગુ પડતો કરવેરો

## ગિફ્ટની કરમુક્ત મર્યાદા

■ બધી મળીને કુલ ૫૦,૦૦૦ રૂપિયા સુધીની ગિફ્ટ કરદાતાના હાથમાં કરમુક્ત હોય છે.

■ કરમુક્ત રકમની ગણતરી કરતી વખતે રોકડ અથવા ગિફ્ટ વાઉચર અથવા બીજી કોઈ વસ્તુના સ્વરૂપે મળેલી તમામ ગિફ્ટના મૂલ્યને ધ્યાનમાં લેવું જરૂરી છે.

■ કોઈ પણ વ્યક્તિને નાણાકીય વર્ષ દરમ્યાન ૫૦,૦૦૦ રૂપિયા કરતાં વધુ મૂલ્યની ભેટ મળે તો એને અન્ય સ્રોતમાંથી મળેલી આવક ગણવામાં આવે છે અને સંબંધિત વ્યક્તિને લાગુ પડતા ટૅક્સ સ્લૅબ અનુસાર કરવેરો ચૂકવવાનો આવે છે.

■ દા.ત. શ્રી અનિલ મહેતાને ચાર અલગ-અલગ મિત્રો પાસેથી ૨૦-૨૦ હજારની ચાર ગિફ્ટ મળી. એનો અર્થ એવો થયો કે ૫૦,૦૦૦ રૂપિયાની મર્યાદા કરતાં વધુની ગિફ્ટ મળી. તેમને મળેલી ગિફ્ટનું કુલ મૂલ્ય ૮૦,૦૦૦ રૂપિયા થાય. તેમને ૮૦,૦૦૦-૫૦,૦૦૦ એટલે કે ૩૦,૦૦૦ રૂપિયા નહીં, પણ ૮૦,૦૦૦ રૂપિયા પર કરવેરો લાગુ પડશે.

## સંબંધીઓ પાસેથી મળતી ગિફ્ટ

સંબંધીઓ પાસેથી મળતી દિવાળી ગિફ્ટ કોઈ પણ મર્યાદા સુધી કરમુક્ત છે. જોકે એ સંબંધી આવકવેરા ધારાની કલમ ૫૬(૨)ની વ્યાખ્યા અનુસારના સંબંધમાં હોવા જોઈએ. આવકવેરાના હેતુસર સંબંધીમાં આ વ્યક્તિઓનો સમાવેશ થાય છે...

પતિ/પત્ની, ભાઈ કે બહેન, સાળા અને સાળી, માતા-પિતાનાં ભાઈ અને બહેન, દીકરો અને દીકરી તથા ભાઈ કે બહેનના જીવનસાથી.

## સ્થાવર મિલકત સ્વરૂપે મળતી ગિફ્ટ

કોઈ પણ સ્થાવર કે જંગમ મિલકતનું મૂલ્ય હોવું જોઈએ એના કરતાં ઓછા મૂલ્યે તમને એની ગિફ્ટ મળી હોય તો સંબંધિત મિલકતની સ્ટૅમ્પ ડ્યુટી વૅલ્યુ અને મળેલા ઓછા મૂલ્ય વચ્ચેનો તફાવત હોય એટલા તફાવત માટે ગિફ્ટ કરપાત્ર બને છે. જો વાસ્તવિક મૂલ્ય અને સ્ટૅમ્પ ડ્યુટી મૂલ્ય વચ્ચેનો તફાવત ૫૦,૦૦૦ રૂપિયા કરતાં ઓછો હોય તો એની ટ્રાન્સફરને કરપાત્ર ગિફ્ટ ગણવામાં આવતી નથી.

## એમ્પ્લૉયર તરફથી મળતી દિવાળી ગિફ્ટ કે દિવાળી બોનસ

એમ્પ્લૉયર તરફથી મળેલી ગિફ્ટ પર ટૅક્સ ભરવાની જવાબદારી એમ્પ્લોયીની હોય છે. જો એમ્પ્લૉયર તરફથી એમ્પ્લૉઈને ૫૦૦૦ રૂપિયા કરતાં વધુ મૂલ્યની ગિફ્ટ મળી હોય તો એને પર્ક્વિઝિટ ગણવામાં આવે છે અને એ કરપાત્ર બને છે. ૫૦૦૦ની મર્યાદા એક આખા નાણાકીય વર્ષની હોય છે. તમામ ગિફ્ટ અને બોનસનું મૂલ્ય ૫૦૦૦ રૂપિયા કરતાં ઓછું હોય તો એ કરમુક્ત હોય છે. ગિફ્ટમાં ગિફ્ટ વાઉચર કે ટોકનનો પણ સમાવેશ થાય છે.

જો કરપાત્ર ગિફ્ટ પર એમ્પ્લૉયર ટીડીએસ (ટૅક્સ ડિડક્ટેડ ઍટ સોર્સ) કાપે નહીં તો એમ્પ્લૉઈએ આવકવેરાના રિટર્નમાં એ રકમને પગારના શીર્ષક હેઠળ દર્શાવવી જરૂરી છે. એમ્પ્લૉઈએ ગિફ્ટના ઉચિત બજારમૂલ્યની ગણતરી કરીને એના આધારે કરવેરાની ગણતરી કરવી જોઈએ.

## દિવાળી ગિફ્ટને જીએસટી (ગુડ્સ ઍન્ડ સર્વિસિસ ટૅક્સ) લાગુ પડે ખરો?

જીએસટીના કાયદામાં ગિફ્ટની વ્યાખ્યા કરવામાં આવી નથી. એમ્પ્લોયર જો પોતાના એમ્પ્લોયીને એક વર્ષમાં ૫૦,૦૦૦ રૂપિયા સુધીની ગિફ્ટ આપે તો એ જીએસટીના કાર્યક્ષેત્રની બહાર આવે છે. જો ગિફ્ટનું મૂલ્ય ૫૦,૦૦૦ રૂપિયા કરતાં વધારે હોય અને બિઝનેસના વિકાસ-વિસ્તાર માટે એ આપવામાં આવી હોય તો એને જીએસટી લાગુ પડે છે.

શેડ્યુલ-વનમાં કહેવાયું છે કે અસંબદ્ધ અથવા સંબદ્ધ વ્યક્તિઓ વચ્ચે કોઈ પણ કન્સિડરેશન વગર સપ્લાય કરવામાં આવી હોય તો જીએસટી લાગુ પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો, અસંબદ્ધ વ્યક્તિઓ વચ્ચે નિઃશુલ્ક સપ્લાય/ગિફ્ટનું આદાનપ્રદાન થયું હોય તો એને સપ્લાય ગણી શકાય નહીં અને એથી એ કરપાત્ર નથી.

### કઈ ગિફ્ટ આવકમાં ગણાય?

અહીં ખાસ જણાવવાનું કે આવકવેરા ધારામાં કલમ ૧૯૪આર દાખલ કરવામાં આવી છે, જે વ્યક્તિ કે કૉર્પોરેટ નાણાકીય વર્ષ દરમ્યાન ૨૦,૦૦૦ રૂપિયા કરતાં વધુ મૂલ્યની ગિફ્ટ, પ્રમોશનલ મટીરિયલ કે સ્પૉન્સરશિપ આપ્યાં હોય તો એમણે પ્રાપ્તિકર્તાના પૅન કાર્ડની વિગત દાખલ કરીને ૧૦ ટકા ટીડીએસ કાપવો પડે છે. આથી જો તમને કોઈએ ૨૦,૦૦૦ રૂપિયા કરતાં વધુ મૂલ્યની ગિફ્ટ આપી હોય અને એના પર ટીડીએસ કાપ્યો હોય તો તમારે એને પોતાની આવક ગણાવવી પડશે અન્યથા સ્ક્રૂટિની આવી શકે છે.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.